# આસપાસ ચોપાસ

## ગામનાં વિવિધ ફળિયાં

આ ગામમાં દેસાઈ ફળિયું, પટેલ ફળિયું, જૂનું અને નવું ભાલીયાવાડ, માહ્યાવંશી ફળિયું, જૂના-નવા હળપતિવાસ, આર.કે.કોલોની, શ્રમજીવી વસાહત, ભક્ત ફળિયું, મુસ્લિમ ફળિયું, નહેર કોલોની, નાયકીવાડ, પારસી હળપતિવાસ, જી.ઈ.બી. કોલોની તેમજ અંદાજે 25થી પણ વધુ નાની-મોટી સોસાયટીઓ આવેલી છે.

## વાવ ગામની વસતી


ગામની વસતી વર્ષ-2011 મુજબ પુરુષ 3677 અને મહિલા 3376 મળી કુલ વસતી 7053 છે, જેમાં અનુસૂચિત જાતિની 325, અનુસૂચિત જનજાતિની 1075, બક્ષીપંચની 1210 છે. પણ હાલમાં અંદાજે કુલ મતદાર 11100 મળી કુલ વસતી 16000થી પણ વધુ હશે. અહીં આશરે 2500 કુટુંબ વસવાટ કરે છે. ગામની જમીનનું ક્ષેત્રફળ 1350 હેક્ટર છે. ગામના લોકો મુખ્ય ખેતી તેમજ ધંધો-રોજગાર તેમજ નોકરી પર નભે છે. ખેતીમાં મુખ્યત્વે શેરડીનો પાક કરે છે. ગામમાં કુલ 5400 જેટલાં પાકાં મકાનો આવેલાં છે.


## અહીંના લોકો વિદેશમાં પણ રહે છે

વાવ ગામના લોકો ત્રિનિદાદ એન્ડ ટોબેગો, વેસ્ટ ઈન્ડીઝ, સાઉથ આફ્રિકા, ઝાંબિયા, ઈંગ્લેન્ડ (યુ.કે.), પનામા, કેનેડા, લારવીયા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, બર્મા, સાઉદી અરેબીયા, દુબઈ, અમેરિકા સહિતના દેશોમાં વસવાટ કરે છે.

## સીસી રોડ અને પેવર બ્લોકની સવલત

આખા ગામમાં સીસી રોડ તેમજ પેવર બ્લોક રોડ છે. તેમજ દરેક ફળિયામાં એલઈડી સ્ટ્રીટ લાઈટ્સ, ઘરે ઘરે પાણીનાં કનેક્શન, ડોર ટુ ડોર કચરો તેમજ સફાઈની કામગીરી કરવામાં આવે છે. ગામમાં અલગ અલગ જગ્યાએ હાઈમસ્ટ લાઈટના ટાવર્સ પણ મૂકવામાં આવ્યા છે.





## ગામના રાજકીય આગેવાન કિશોરભાઈ માહ્યાવંશી

ગામમાં રહેતા કિશોરભાઈ રતિલાલભાઈ માહ્યાવંશી રાજકીય આગેવાન છે. હાલ કામરેજ વિભાગ નાગરિક સહકારી અને ધિરાણ કરનારી મંડળીના ડિરેક્ટર છે.તેમજ અગાઉ વર્ષ 2010-15 માં તાલુકા પંચાયત વાવ બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીમાંથી ચુંટણી જીતીને સભ્ય બન્યા હતા.

## વાવ ગ્રાહક મંડળી

ગામમાં આવેલી વાવ ગ્રાહક સહકારી મંડળીની શરૂઆત તા.27-5-1985ના રોજ કરવામાં આવી હતી. આ મંડળીમાં હાલમાં 375 સભાસદ છે. મંડળીની સ્થાપના કાળથી આજદિન સુધી ચૂંટણી થઈ નથી. ચાલીસ વર્ષના કાર્યકાળ દરમિયાન મંડળીમાં માત્ર બીજા પ્રમુખ છે. વર્ષ-1996થી મેનેજર તરીકે નિલેશભાઈ દેસાઈ કાર્યરત છે. હાલ પ્રમુખ તરીકે પરેશકુમાર રણછોડભાઈ ભક્ત અને ઉપપ્રમુખ તરીકે કિરીટકુમાર ગોપાળજી દેસાઈ સેવા આપે છે. આ મંડળીમાં ખાતર, અનાજ-કઠોળ, ખેતી ઓજાર, જંતુનાશક દવાઓ પણ મળે છે. સાથે વાવ પિયત મંડળી પણ આવેલી છે. જેના પ્રમુખ તરીકે જિગ્નેશભાઈ વિનુભાઈ ભક્ત, ઉપપ્રમુખ અશ્વિનભાઈ ગુલાબભાઈ પટેલ અને મંત્રી તરીકે દીપેશભાઈ અમૃતલાલ મોદી કાર્યરત છે.

## પાણી માટે એક એક લાખ લીટરની ત્રણ ટાંકી

ગામમાં પાણી માટે અલગ અલગ જગ્યા ગ્રામ પંચાયતની સામે, ભક્ત ફળિયાની પાછળ તેમજ ભાલીયાવાડમાં એક એક લાખની લીટરની પાણી ટાંકીઓ સમ્પ સાથે બનાવવામાં આવી છે. તેમજ અન્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયત દ્વારા બોરિંગ દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. જ્યારે વાવ-જોખા રોડ પર આવેલા વીરવાસા હનુમાન મંદિરે ભક્તો માટે પીવાના પાણી માટે એક હેન્ડપંપ પણ મૂકવામાં આવ્યો છે.

## ગામના રાજકીય તેમજ સહકારી આગેવાન

રાજકીય આગેવાન અને માજી તાલુકા પંચાયત પ્રમુખ એવા કમલેશ પટેલ વાવ ગામમાં આંજણા પાટીદાર સમાજમાંથી આવે છે. ખૂબ જ અભ્યાસુ એવા કમલેશભાઈ બાબરભાઈ પટેલ રાજકીય પક્ષ ભાજપમાં 1990થી ભાજપના કાર્યકર, સુરત જિલ્લા યુવા ભાજપના માજી મહામંત્રી, કામરેજ તાલુકાના માજી મંત્રી તથા ખોલવડ કોલેજના જી.એસ. તેમજ દક્ષિણ ગુજરાત યુનિ.ના ઝોન જી.એસ., કામરેજ તાલુકા પંચાયતના માજી સભ્ય, બાદ તાલુકા પંચાયતના પ્રમુખ અને કારોબારી અધ્યક્ષ તરીકે સેવા આપી છે.

## વાવ ગામમાં મોદી પરિવારમાં 14 ડોક્ટર છે

ગામમાં વલ્લભભાઈ પરભુભાઈ મોદી પરિવારમાં વિવિધ ક્ષેત્રે 14 ડોક્ટર બન્યા છે. કામરેજ ચાર રસ્તા પર છેલ્લાં 42 વર્ષથી પ્રેક્ટિસ કરતા એમબીબીએસ ડો.ગિરીશભાઈ અમૃતલાલ મોદી તેમના પુત્ર ડો.નીરવ મોદી આંખના ડોક્ટર તેમજ પુત્રવધૂ ડો.ખુશ્બુ (ફિઝિયોથેરાપિસ્ટ), તેમના ભાઈ ડો.હેમંત અમૃતલાલ મોદી (એમ.એસ. જનરલ સર્જન) જેઓ કડોદરા ખાતે મોદી મલ્ટિસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ચલાવે છે. અને તેમનાં પત્ની ડો.ભાવનાબેન મોદી (એમબીબીએસ), પુત્ર ડો.પ્રથમ મોદી (ન્યૂરોલોજિસ્ટ) અને પુત્રવધૂ ડો.મેશ્વા પ્રથમ મોદી(ગાયનોકોલોજિસ્ટ), તેમજ ડો.જગદીશભાઈ ઠાકોરભાઈ મોદી (હોમિયોપેથીક) અને તેમના પુત્ર ડો.પાર્થ (એમ.એસ. જનરલ સર્જન), ડો.દીપક જયંતીલાલ મોદી (એમબીબીએસ) અને ડો.ધનેશ કે.પટેલ(આયુર્વેદિક) ડોક્ટરો છે.

## વલ્લભભાઈ ભક્ત પણ માતબર રકમ દાનમાં આપે છે

વલ્લભભાઈ મકનજીભાઈ ભક્ત દ્વારા ચલાવવામાં આવતું ટ્રસ્ટ ગામ તેમજ આસપાસનાં ગામના ગરીબોને વિનામૂલ્યે વૈદકીય સારવાર માટે મદદરૂપ થાય થાય છે. તેમજ ખોલવડની દીનબંધુ હોસ્પિટલ, વાંકલ હોસ્પિટલ, સીતાપુર વાંસદામાં આવેલી આંખની હોસ્પિટલમાં માતબર રકમનું દાન આપવામાં આવ્યું હતું. તેમજ શિક્ષણ ક્ષેત્રે ભારતીય વિદ્યામંડળ તેમજ સિદ્ધાર્થ લો કોલેજમાં પણ માતબર રકમનું દાન આપી શિક્ષણની ધુણી ધખાવી રહ્યા છે. સામાજિક ક્ષેત્રે પણ માતબર રકમનું દાન આપી સમાજ ઉત્થાન માટે સારા પ્રયાસ રહ્યા છે. એ માટે કોઈપણ પ્રકારના માન-સન્માન વગર માનવતાવાદીનો વારસો મળ્યો છે, જે પરિવાર દ્વારા જાળવી રાખવામાં આવ્યો છે.

## શિક્ષણ ક્ષેત્રે સુવિધા



અહીં વિદ્યાર્થીઓના અભ્યાસ માટે બે સરકારી સ્કૂલો તેમજ બે ખાનગી સ્કૂલો બી.એન.બી. હાઈસ્કૂલ તેમજ વશિષ્ઠ વિદ્યાલય પણ આવેલી છે. ગામમાં અલગ અલગ જગ્યાએ પારસી ફળિયા હળપતિવાસમાં આવેલી આંગણવાડીમાં 91 બાળક, હરિજનવાસની આંગણવાડીમાં 57 બાળક, ભાલીયાવાડની આંગણવાડીમાં 45 બાળક, નાયકીવાડની આંગણવાડીમાં 149 બાળક અને શ્રમજીવી વસાહતમાં આવેલી આંગણવાડીમાં 110 બાળક મળી કુલ 452 બાળક આવે છે.

## ગામના દાતાએ સ્કૂલને રૂ.2 કરોડનું દાન કર્યું

વાવ ગામમાં સુરત જિલ્લા પંચાયત સંચાલિત શાળા આવેલી છે. જેની સ્થાપના તા.27-8-1883માં બુનિયાદી શાળા તરીકે થઈ હતી. ગામનું ઋણ ચૂકવવા માટે પ્રાથમિક શાળાનું મકાન બનાવવા માટે ગામના જ દાતા એવા પ્રભુભાઈ છોટુભાઈ ભક્તે વર્ષ-2016માં બે કરોડ રૂપિયા જેવી માતબર રકમ દાનમાં આપી હતી. આ શાળામાં ગામનાં વતની એવાં મહિલા આચાર્ય પ્રજ્ઞાબેન પટેલ ફરજ બજાવે છે. તેમની સાથે 15 શિક્ષક પણ ફરજ બજાવે છે. શાળામાં બાળક 281 અને બાળકી 221 બાળ વાટિકાથી ધો.8 સુધી અભ્યાસ કરે છે. શાળામાં કુલ 20 વર્ગખંડ આવેલા છે. શાળા નેશનલ લેવલે વિજ્ઞાન મેળા અને છ વાર રાજ્ય કક્ષાએ વિજ્ઞાનમેળામાં ઝળકી ચૂકી છે. ખેલ મહાકુંભમાં સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સૃષ્ટિબેન ગામીત જિલ્લા કક્ષાએ ગત વર્ષે પ્રથમ અને આ વર્ષે બીજા ક્રમે આવી હતી. જેની રાજ્ય કક્ષાએ પણ પસંદગી કરવામાં આવી છે. આ શાળાનાં આચાર્યા પ્રજ્ઞાબેનને જિલ્લા કક્ષાના બેસ્ટ શિક્ષક તેમજ રાજ્ય કક્ષાનો ગુરુ ગૌરવ એવોર્ડ પણ મળી ચૂક્યો છે. શાળાને બેસ્ટ સ્કૂલ વર્ષ 2019-20 અને ક્લીન સ્કૂલ વર્ષ 2018-19 તેમજ આ વર્ષે તાલુકા કક્ષાએ બેસ્ટ સ્કૂલનો એવોર્ડ પણ મળ્યો છે.

## ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં આસીસટન્ટ કમીશ્નર ડો.મહેશ પટેલ



ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં આસિસ્ટન્ટ કમિશ્નર તરીકે ફરજ બજાવી રહેલા ડો. મહેશ પટેલની સેવાયાત્રા પ્રેરણાદાયક રહી છે.વાવ ગામના પટેલ ફળીયામાં રહેતા અને આંજણા પાટીદાર સમાજના ડો.મહેશભાઈ નટુભાઈ પટેલને વર્ષ 2002માં ફૂડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર તરીકે પ્રથમ પોસ્ટિંગ વડોદરા ખાતે મળ્યું હતું. નૌકરી સાથે સાથે સતત ઉચ્ચ અભ્યાસ કરીને તેમણે આજે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં આસિસ્ટન્ટ કમિશ્નર તરીકે વલસાડ ખાતે ફરજ બજાવી રહ્યા છે.સાથે જ તેમણે ફાર્માસ્યુટિકલ સાયન્સ વિષયમાં પી.એચ.ડી.ની ડિગ્રી પણ મેળવી છે. તેમની સેવાકાળ દરમ્યાન વડોદરા,ગાંધીનગર સચિવાલય,ભરૂચ,વલસાડ અને તાપી જિલ્લામાં ફરજ બજાવી છે.કોરોના મહામારી દરમિયાન વલસાડ જિલ્લામાં મેડિકલ ઓક્સિજનના સંચાલન અને વ્યવસ્થાપનમાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ડો.મહેશ પટેલ કામરેજ તાલુકામાં એકમાત્ર એવા વ્યક્તિ છે કે જેમણે હેમ રેડિયો લાયસન્સ મેળવ્યું છે,જે બાબતથી બહુ ઓછા લોકો અવગત છે.હેમ રેડિયો વિશે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે વર્ષ 1989માં પોતાના શોખ તરીકે તેમણે લાયસન્સ મેળવ્યું હતું.હેમ રેડિયો એક વાયરલેસ સંચાર સાધન છે,જેના દ્વારા લાયસન્સ ધરાવતા સામાન્ય લોકો રેડિયો તરંગોના માધ્યમથી વિશ્વના કોઈપણ દેશમાં સંપર્ક કરી શકે છે.મોબાઇલ કે ઈન્ટરનેટ વિના માત્ર રેડિયો ફ્રિક્વન્સીના આધારે સંચાર શક્ય બને છે.કુદરતી આપત્તિ જેવી કે ભૂકંપ, પૂર કે ચક્રવાત વખતે જ્યારે મોબાઇલ નેટવર્ક બંધ થઈ જાય છે ત્યારે હેમ રેડિયો ખૂબ ઉપયોગી સાબિત થાય છે.કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ સમયે હેમ રેડિયોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## ગામમાં આવેલાં વિવિધ મંદિરો

ગામમાં ખોડિયાર માતાનું મંદિર, ભાથીજી મહારાજનું મંદિર, બળિયાદેવનું મંદિર, ચોસઠ જોગણી માતાનું મંદિર, અંબાજી માતાનું મંદિર, રામદેવ પીરનું મંદિર, વીર વાસા હનુમાનજી મંદિર, સદગુરુ હરિબાવા ગોસાઈનું મંદિર, એસ.આર.પી.એફ. ગ્રુપ 11માં આવેલું શિવ મંદિર તેમજ એક મસ્જિદ પણ આવેલી છે. વાવ-જોખા રોડ પર વાવ ગામથી એક કિલોમીટર દૂર વિરવાસા હનુમાન મંદિર આવેલું છે, જેમાં ભાવિક ભકતોનું શનિવાર અને મંગળવારે ખોડાપૂર આવે છે. મંદિરની એક રોચક કહાની છે. લોકવાયકા મુજબ મંદિરની જગ્યાએ વર્ષો પહેલાં વિરવાસા ગામ હતું. સામે આવેલા મણીકંઠારના ઝાડમાં હનુમાનજી મૂર્તિ હતી. જેને નાના મંદિરમાં સ્થાપિત કરી હતી. બાદ વર્ષોવર્ષ મંદિરનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો. વર્ષ-1993માં રાજસ્થાનના જયપુરથી હનુમાનજીની મૂર્તિ લાવવામાં આવી હતી. આ મંદિર લોકોની આસ્થા સાથે જોડાયેલું છે. મંગળવાર અને શનિવારના રોજ ભાવિક ભક્તોનું ભારે ઘોડાપૂર રહે છે. ભાવિક ભક્તો પોતાની માનતા પણ રાખે છે. દર વર્ષે હનુમાન જયંતી પર મેળા જેવો માહોલ જોવા મળે છે. મંદિરનો વહીવટ ગામના કિરીટભાઈ ગોપાળજી દેસાઈ અને ધનસુખભાઈ ભગુભાઈ પટેલ દ્વારા કરવામાં આવે છે. શ્રી વિશ્વનાથ મહાદેવ તથા ખોડિયાર માતા મંદિર ટ્રસ્ટના પ્રમુખ તરીકે કમલેશભાઈ બાબરભાઈ પટેલ, ઉપપ્રમુખ પરેશભાઈ રણછોડભાઈ ભક્ત અને મંત્રી તરીકે દિપેશભાઈ અમૃતલાલ મોદી હાલ કાર્યરત છે. મંદિર વિશે ગામના લોકોએ જણાવ્યું હતું કે, ખોડિયાર માતાનું મંદિર આશરે 500 વર્ષ અગાઉ બનાવાયું હતું. ગામના પાદરે આવેલા વિશાળ તળાવના કાંઠે વિશાળ વટવૃક્ષની બાજુમાં ઓવારો આવેલો હતો. એની બાજુની જગ્યામાં તળાવમાંથી માતાજી પ્રગટ થયેલાં છે. એ સમયે ગામમાં રહેતા એક અનાવિલ બ્રાહ્મણ (દેસાઈ)ને મળેલા અને એના સ્વપ્નમાં દર્શન આવી આ જગ્યાએથી પ્રગટ થયાની વાત સમાજના લોકોને કરતાં સપનામાં કહેલી વાત મુજબ તળાવમાંથી માતાજીની મૂર્તિ બહાર કાઢવામાં આવી હતી. શંકર ભગવાનનું જે મંદિર છે ત્યાં જ માતાજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. જે જગ્યાએથી માતાજી પ્રગટ થયાં હતાં એ જગ્યાએ હાલમાં વાવ ગામના પાદરે ગામમાં આવવાના રસ્તે મંદિરની બાજુમાં હાલ છે. હાલમાં જે ગામમાં બસ સ્ટેન્ડ છે એની પાછળની જમીનમાં અગાઉ વિશાળ તળાવ હતું, તે જગ્યાએ હાલ નાનો વડ તથા નાની માતાજીની ડેરી પણ આવેલી છે.










## આરોગ્ય કેન્દ્રની સુવિધા




ગામમાં આરોગ્યની દૃષ્ટિએ વાત કરીએ તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે, જેમાં એક MBBS ડો.સંદીપ પાનસુરીયા તેમજ આયુષ ડો.અનિતાબેન સોલંકી ફરજ બજાવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વાવ, નવાગામ અને ખોલવડ ગામોનો સમાવેશ થાય છે. સ્ટાફમાં સ્ટાફ નર્સ-3, એમટીએચએસ-1, એમપીએચડબ્લ્યૂ-6, એફએચડબ્લ્યૂ-7, ફાર્માસિસ્ટ-1, લેબ ટેક્નિશિયન-1, વોર્ડ આયા-1, વોર્ડ-બોય-1, ડેટા ઓપરેટર-1, આશાવર્કર-56, આશા ફેસિલિટર-4 છે. તેમજ સબ સેન્ટર-6 તેમજ આંગણવાડી કેન્દ્ર પાંચ આવેલાં છે.




## સ્વ.વિનુભાઈ ભક્ત ગુજરાતમિત્રમાં સમાચાર પણ લખતા હતા

વાવમાં રહેતા સ્વ.વિનુભાઈ છોટુભાઈ ભક્ત ગુજરાતમિત્રમાં સમાચાર પણ લખતા હતા. સાથે સાથે સમાજ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે મહત્તમ પદો પર રહી પોતાની નિ:સ્વાર્થ સેવા બજાવી હતી. સમગ્ર સુરત જિલ્લા તેમજ આજુબાજુના જિલ્લાઓમાં તેમની આગવી ઓળખ હતી. હાલ તેમના પુત્ર જિગ્નેશભાઈ ભક્ત પિતાની રાહે રાહે ચાલી વિવિધ સંસ્થાઓ સાથે જોડાઈને સેવા આપી રહ્યા છે. તો બીજા પરેશભાઈ રણછોડભાઈ ભક્ત પણ ભારતીય વિદ્યામંડળમાં માનદ મંત્રી, રામકબીર ટ્રસ્ટ (મુંબઈ)ના મંત્રી તેમજ વાવ ગ્રાહક સહકારી મંડળીના પ્રમુખ છે.

## કામરેજ ચાર રસ્તા ભારતીય વિદ્યામંડળની સ્થાપના કરનાર મુખ્ય વાવ ગામના ગોપાળભાઈ ભક્ત

કામરેજ ચાર રસ્તા ખાતે આવેલા ભારતીય વિદ્યામંડળની સ્થાપના વર્ષ-1965માં ગોપાળભાઈ જીવાભાઈ ભક્ત (વાવ) અને માધવભાઈ ખુશાલભાઈ ભક્ત (નનસાડ)ના અથાક પ્રયત્નોથી કરવામાં આવી હતી. ભારતીય વિદ્યામંડળનું બંધારણ જે-તે સમયના વિધાનસભાના અધ્યક્ષ એવા સ્વ.કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા (વાંઝ-મરોલી)એ કર્યું હતું. ત્યારે તેમના દ્વારા વાવના ગોપાળભાઈ ભક્તને કહેવામાં આવેલું કે, જમીન લઈ લો. બાદમાં નહીં મળે તો તેમણે 80 વીઘાં જમીન લીધી હતી. જે જમીન હાલમાં તાલુકા પંચાયત, ભારતીય વિદ્યામંડળ, કેળાં મંડળી, દ.ગો. પટેલ સહકારી તાલીમ કેન્દ્ર આવેલું છે. જે જમીન ગોપાળભાઈ ભક્ત અને ટ્રસ્ટી મંડળ દ્વારા વિદ્યામંડળ ટ્રસ્ટમાંથી વિનામૂલ્યે આપવામાં આવી હતી.

## રાજુભાઈ ગોપાળભાઈ ભગત (યુ.એસ.એ.)

રાજુભાઈ ભગત પણ વાવ ગામના વતની છે અને હાલ યુ.એસ.એ.માં સ્થાયી થયા છે. તેમના દ્વારા ભારતીય વિદ્યામંડળ ખાતે આવેલા વિશાલ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે માતબર રકમનું સંસ્થાને દાન આપવામાં આવ્યું છે. વિદેશીની ધરતી પર તેમણે વિશાલ ભગત ફાઉન્ડેશનની સ્થાપી દર વર્ષે સારી એવી રકમનું અમેરિકન ડાયાબિટિસ રિસર્ચ સેન્ટરમાં દાન આપે છે. ડ્રિસ્કોલ ચિલ્ડ્રન હોસ્પિટલમાં પણ દર વર્ષે માતબર રકમનુ દાન આપે છે. તેની સાથે સુરતની પણ એક નાનાં બાળકોની હોસ્પિટલમાં દાન તેમના ટ્રસ્ટમાંથી આપવામાં આવે છે. નાનાં બાળકોને ડાયાબિટિસ ન થાય તેના સંશોધન માટે પણ માતબર રકમનું દાન આપે છે.

## ત્રણ સ્વતંત્રતાસેનાની પણ હતાં

ગામમાં ત્રણ સ્વતંત્રતાસેનાની ગોકળભાઈ ભગાભાઈ ભક્ત, પરભુભાઈ ગોરધનભાઈ ભક્ત, બેનાબેન તુલસીભાઈ ભક્ત હતાં. જેમણે આઝાદી માટે સ્વતંત્ર આંદોલનની ચળવળ માટે ગાંધીજીની રાહબરી હેઠળ અનેક સત્યાગ્રહો, આંદોલનો થયાં હતાં, જેમાં સામેલ થઈ અનેકવાર જેલવાસ પણ ભોગવ્યો હતો.



## રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-11 એ વાવ ગામનું ગૌરવ

વાવ ગામમાં નેશનલ હાઈવે નં.48ને અડીને રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-11 આવેલું છે. આશરે 55 એકરમાં ફેલાયેલું દળ વર્ષ-1981થી અહીં શરૂ કરવામાં આવ્યું હતું. આ દળમાં SDRF તેમજ સ્પેશિયલ ફોર્સની ટુકડીઓને સમાવેશ કરેલો છે. આ દળમાં ઈનચાર્જ સેનાપતિ તરીકે કે.વી.પરીખ તેમજ ડીવાયએસપી અનિલ પટેલ અને પોલીસ ઈન્સ્પેક્ટરો, પીએસઆઈ, હે.કો., કોન્સ્ટેબલ મળી કુલ અંદાજે 812 જેટલા કર્મીઓ પોતાની ફરજ નિભાવે છે. આ દળ રાષ્ટ્રીય મહાનુભાવો, વીવીઆઈપી માટે પોલીસની ટુકડી સેવા સુરક્ષા માટે મોકલવામાં આવે છે. તદુપરાંત ધાર્મિક તહેવારો તેમજ કુદરતી આપત્તિઓ સમયે બચાવની કામગીરી પણ કરે છે. આ કેમ્પસમાં જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુ મળી રહે છે. કેમ્પસમાં દક્ષિણ ગુજરાત ખાતે પોલીસ ભરતી પ્રક્રિયા તેમજ વન વિભાગની શારીરિક પરીક્ષા પરેડ ગ્રાઉન્ડ પર થાય છે. આ જ કેમ્પસમાં પણ સુરત જિલ્લા પંચાયત સંચાલિત બાળ વાટિકાથી ધો.8 સુધીની શાળા આવેલી છે, જેમાં કુલ વર્ગ ખંડો આવેલાં છે. હાલ નવા સાત વર્ગખંડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેના આચાર્ય તરીકે મનીષભાઈ કાનજીભાઈ કડછી તેમજ અન્ય 14 શિક્ષક શાળામાં 245 છોકરાં અને 255 છોકરીને અભ્યાસ કરાવે છે. તેમજ આ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં પન્નાબેન મહેશભાઈ પટેલને રાજ્યનાં શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ પણ મળી ચૂક્યો છે. તેમજ બાળ ગીતોનું એક પુસ્તક પણ એમણે લખ્યું હતું. જે પુસ્તકનું વિમોચન રાજ્યના શિક્ષણમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. તો ગામમાં આવેલી સોસાયટીઓમાં રહેતા વકીલાત કરતાં વિરેન્દ્રસિંહ છત્રસિંહ બોડાણા, જયદીપસિંહ અનિલસિંહ સોલંકી તેમજ નિમીષાબેન પટેલ તેમજ ગામમાં ભાલીયાવાડમાં રહેતા અને માજી સરપંચના પુત્ર સુનીલ રાજુભાઈ ભાલીયા પણ પ્રેક્ટિસ કરે છે. તેમજ વાવ એસઆરપીએફ ગ્રુપ 11માં ડીવાયએસપી તરીકે હરિધામ સોસાયટીમાં રહેતા રાકેશભાઈ રમેશભાઈ પટેલ નોકરી કરે છે.

(માહિતી સંકલન અને તસવીરઃ વિશાલ પટેલ, કામરેજ)